આકાશવાણી ભુજ

સમાચાર વાચક : અશરફ નથવાણી

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-05-11-2024 સમય:-સવારે 6.50 કલાકે

---

# પ્રેસીડેન્ટ વિથ પીપલ

કેન્દ્રના પ્રયત્નોને કારણે, મોટી સંખ્યામાં મહિલાઓ કારકિર્દી તરીકે ઉડ્ડયન ક્ષેત્ર પસંદ કરી રહી હોવાનું રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું છે.

"પ્રેસીડેન્ટ વિથ પીપલ" પહેલ હેઠળ ઉડ્ડયન ક્ષેત્રની મહિલાઓ સાથે ગઇકાલે રાષ્ટ્રપતિભવન ખાતે બેઠક યોજાઇ હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, "ઉડ્ડયન ઉદ્યોગમાં મહિલાઓની ભાગીદારીમાં વધારો કરવા સમાન તકો પણ જરૂરી છે. તેમણે કહ્યું કે, ભારતના નાગરિક ઉડ્ડયન ક્ષેત્રની મહિલાઓ વિવિધ કામગીરી અને તકનીકી ક્ષેત્રોમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. હવાઈ ટ્રાફિક નિયંત્રકોના 15 ટકા મહિલાઓ છે. 11 ટકા ફ્લાઇટ ડિસ્પેચર મહિલાઓ છે અને 9 ટકા એરોસ્પેસ એન્જિનિયર્સ મહિલાઓ છે." તેમણે કહ્યું કે,"ગયા વર્ષે વ્યાપારી લાઇસન્સ મેળવનારા 18 ટકા પાઇલટ્સ મહિલાઓ હતી.

આ બેઠકમાં રાષ્ટ્રપતિએ સફળ મહિલાઓને અન્ય મહિલાઓ માટે માર્ગદર્શક બનવા અને તેમની કારકિર્દી પસંદ કરવા તથા તેમના સપનાઓને સાકાર કરવા પ્રોત્સાહિત કરવા વિનંતી કરી હતી.

RNU અશરફ નથવાણી

---

RNUBHUJ

## વિશેષ ટ્રેનો

ભારતીય રેલવેએ તહેવારોના સમયગાળા દરમ્યાન અત્યાર સુધીમાં વિવિધ સ્થળો માટે વિશેષ ટ્રેનો દોડાવી 54 લાખથી વધુ મુસાફરોને તેમના ગંતવ્ય સ્થાન સુધી પહોંચાડ્યા છે.

પશ્ચિમ રેલવે દ્વારા આજે 22 વિશેષ ટ્રેનો ચલાવવામાં આવી રહી છે, જ્યારે આવતીકાલે વધુ 15 વિશેષ ટ્રેનો ચલાવવામાં આવશે.

પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી વિનીત અભિષેકે જણાવ્યું કે તહેવારોના સમયગાળામાં ઉત્તરપ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ અને ઉડીશા સહિત અનેક સ્થળો માટે 340 વિશેષ ટ્રેનો ચલાવવામાં આવી હતી. આ તમામ વિશેષ ટ્રેનો નિયમિત ચાલતી ટ્રેનો ઉપરાંત ચલાવવામાં આવી રહી છે.

**RNU અમદાવાદ**

---

## 108 ઈમરજન્સી

રાજ્યમાં દિવાળીના તહેવારના ચાર દિવસમાં 108 ઈમરજન્સીમાં 20 હજાર 164 કેસ નોંધાયાના અહેવાલ છે. 108 ઇમરજન્સી સેવાના મુખ્ય કાર્યકારી અધિકારી જસવંત પ્રજાપતિએ જણાવ્યું હતું કે, ભાઈબીજ સુધીના ચાર દિવસમાં 20 હજાર જેટલા ઈમરજન્સી કેસ નોંધાયા છે. સામાન્ય દિવસોમાં દરરોજના 4 હજાર 500 કેસ નોંધાતા હોય છે, જે સરેરાશ 5 હજાર 500 જેટલા મેડિકલ ઇમરજન્સી કેસ નોંધાયા છે.

**RNU અમદાવાદ**

---

AIR BHUJ

## કચ્છ – મનરેગા લોકપાલ

કચ્છમા માનરેગા યોજનાના લોકપાલ તરીકે મોરબીના લોકપાલ કેડી અગારાને વધારાનો ચાર્જ અપાયો છે. ભારત સરકારની મનરેગા યોજનાનો લાભ છેવાડાના લોકો સુધી પહોંચે છે, ત્યારે લોકોને અને શ્રમિકોને જો કોઈ ફરિયાદ હોય તો તેના માટે રાજ્ય સરકાર દ્વારા કચ્છમાં મોરબીના લોકપાલને ચાર્જ આપવામાં આવ્યો છે. તેમણે ગત 14 ઓક્ટોબરથી ચાર્જ સંભાળ્યો છે. તેમનો કાર્યક્ષેત્ર મનરેગા શ્રમિકોની ફરિયાદો સાંભળવી તથા ફરિયાદોનો નિકાલ કરવાનો છે. શ્રમિકો તેઓની ફરિયાદ ગ્રામ પંચાયત તાલુકા પંચાયત કે જિલ્લા પંચાયતમાં રૂબરૂ અથવા ટપાલથી મોકલી શકે છે.

અશરફ નથવાણી

---

## રાપર – નર્મદા કેનાલમાં ડૂબી જવાની ઘટના

રાપરના શક્તિનગર ગેડી પાસે આવેલી નર્મદા કેનાલમા ડુબી જવાની ઘટનામાં વધુ એક મૃતદેહ મળી આવતા મૃતકાંક ત્રણ પર પહોંચ્યો છે જ્યારે એક મહિલા હજુ  લાપતા છે. ભચાઉ થી આધુનિક સાધનો થી સુસજ્જ રેસક્યુ ટિમ ને બોલાવાઈ હતી. આ ટીમને મોડી સાંજે આ ત્રીજો મૃતદેહ મળ્યો હતો.

વાડી વિસ્તારમાં ખેત મજૂરીનું કામ કરતા મૂળ રાજસ્થાનના શ્રમજીવી પરિવારના બે બાળકો નજીકની કેનાલમાં અચાનક ડૂબવા લાગતાં અન્ય બે લોકો તેમને બચાવવા કેનાલમાં પડ્યા હતા, પરંતુ આ ચારેય જણ પાણીના ભારે પ્રવાહને કારણે તણાઇ ગયા હતા. ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે.

અશરફ નથવાણી

---

## જવાહર નવોદય વિદ્યાલય

જવાહર નવોદય વિદ્યાલયમાં સત્ર 2025-2026માં ધોરણ નવ અને અગિયારમાં પ્રવેશ માટેની પરીક્ષા માટે ઓનલાઈન અરજી કરવાની તારીખ નવમી નવેમ્બર કરવામાં આવી છે. નવોદય વિદ્યાલય સમિતિ દ્વારા ફોર્મ ભરવાની અંતિમ તારીખમાં આ ફેરફાર કરાયો છે, જે અંતર્ગત ઇચ્છુક ઉમેદવારોએ cbseltms.nic.in/2024/nvsix/ વેબસાઈટ ઉપર ઓનલાઈન અરજી કરી શકશે.

RNU અમદાવાદ

---

## હવામાન

જીલ્લામાં હાલ વહેલી સવારે અને સૂર્યાસ્ત બાદ ગુલાબી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે, આગામી સાત દિવસ દરમિયાન આ વાતાવરણ યથાવત્ રહેશે. તેમજ મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં નોંધપાત્ર ફેરફારની કોઈ શક્યતા નથી.

જિલ્લાના મોટા ભાગના વિસ્તારોમાં મહત્તમ તાપમાન હાલમાં 35 થી 37 ડિગ્રી સેલ્સિયસની આસપાસ નોંધાઈ રહ્યું છે. ગઇકાલે ભુજમાં 37, નલિયા અને કંડલા પોર્ટ 35 તો કંડલા એરપોર્ટમાં 36 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું.

અશરફ નથવાણી

---

## ટેકાના ભાવે ખરીદી

રાજ્ય સરકારે ખરીફ પાકો મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદીની સમયમર્યાદા દશમી નવેમ્બર સુધી લંબાવી છે. જે અન્વયે ખેડૂતો હવે ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો ખાતે VCE મારફતે દશમી નવેમ્બર સુધી વિનામૂલ્યે ઓનલાઈન નોંધણી નાફેડના ઈ-સમૃધ્ધિ પોર્ટલ દ્વારા કરાવી શકશે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------------

RNU BHUJ